
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ડાંગના વઘઈના યુવાને NASAની ભૂલ શોધી નાંખી

**હેત** પટેલને NASAએ પ્રસંશાપત્ર એનાયત કરી Hall of Fameમાં સ્થાન આપ્યું

**હાલ** વિદ્યાનગરમાં બી.ટેક.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ અમેરિકાની કંપનીની વેબસાઇટની સુરક્ષા ખામી શોધી કાઢી હતી



(તસવીર : ગિરીશ ભોયે)

સાપુતારાઃ ડાંગ જિલ્લાના વઘઈ ગામના યુવા સાયબર સુરક્ષા સંશોધક હેત દિપ્તેશ પટેલને વિશ્વવિખ્યાત અવકાશ સંસ્થા NASA (National Aeronautics and Space Administration) તરફથી મળેલા આંતરરાષ્ટ્રીય સન્માનથી સમગ્ર ડાંગ જિલ્લો ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.

હેત પટેલે એક Independent Security Researcher તરીકે કાર્ય કરતાં NASAની સિસ્ટમમાં રહેલી એક મહત્વપૂર્ણ સુરક્ષા ખામી (Vulnerability) શોધી કાઢી હતી. ત્યાર બાદ તેણે NASAની Vulnerability Disclosure Policy (VDP) અનુસાર જવાબદારીપૂર્વક તેની જાણ સંસ્થાને કરી હતી. હેતના આ જવાબદાર અને વ્યાવસાયિક અભિગમની કદર કરતાં NASA દ્વારા તેને સત્તાવાર પ્રશંસાપત્ર (Letter of Appreciation) એનાયત કરવામાં આવ્યું છે. ઉપરાંત, તેના યોગદાનને માન્યતા આપતાં NASAના Hall of Fameમાં પણ તેનું નામ સ્થાન પામ્યું છે. હેત પટેલે પોતાનો પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ ડાંગ જિલ્લામાં પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રવેશ મેળવ્યો હતો. હાલમાં તે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM), વલ્લભ વિદ્યાનગર ખાતે બી.ટેક. (ઈન્ફોર્મેશન ટેકનોલોજી)ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરી રહ્યો છે. વિદ્યાર્થી જીવન દરમિયાન જ તેણે

અનુસંધાન પાના ૫ પર

# યુપીના નેતાના સ્વાગતમાં રેલી કાઢનારાને 8500નો દંડ

**કાફલામાં** ૧૫ જેટલી કાર હોવા છતાં માત્ર ચાર સામે જ કાર્યવાહી

સુરતઃ ઉત્તર પ્રદેશના ભાજપના ધારાસભ્યના સ્વાગતમાં નિયમો નેવે મૂકીને એરપોર્ટ રોડ પર પરમિશન વિના લક્ઝરી કારોનો હાઈસ્પીડ કાફલો દોડાવનાર અને જોખમી સ્ટન્ટ્સ કરનારાઓ સામે પોલીસે કડક કાર્યવાહીનો કોરડો વિંઝ્યો છે. વીડિયો વાઈરલ થતાં જ હરકતમાં આવેલી પોલીસે ૪ લક્ઝરી કારના માલિકોને અલગ-અલગ આઠ મેમો આપી રૂ. ૮,૫૦૦નો દંડ વસૂલ કર્યો છે.

સેકટર-2ના એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બાગરિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે બે દિવસ પૂર્વે ઉત્તર પ્રદેશના ભાજપના ધારાસભ્ય ચંદ્રભાન પાસવાન સુરત એરપોર્ટ પર આવ્યા ત્યારે તેમના ઉત્સાહી સમર્થકોએ સરેઆમ આતંક મચાવ્યો હતો. ધારાસભ્યના ખાસ ગણાતા અને અન્ય સમર્થકોએ કોઈ પણ પ્રકારની વહીવટી કે પોલીસ મંજૂરી વિના જ પ્રતિબંધિત બ્લેક ફિલ્મ (કાળા કાચ) ધરાવતી અંદાજે ૧૫ જેટલી મોંઘીદાટ લક્ઝરી કારોનો કાફલો રસ્તા પર ઉતાર્યો હતો. ચાલુ ગાડીએ બારીઓમાંથી બહાર નીકળીને જોખમી સ્ટન્ટ્સ કર્યા હતા અને મોટા અવાજે ભોજપુરી ગીતો વગાડી સોશિયલ મીડિયા પર રીલ્સ વાઈરલ કરી હતી. ભારે હોબાળા બાદ જાગેલી ડુમસ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરીને ૪ લક્ઝરી કાર માલિકોને કાયદાનો પાઠ ભણાવ્યો છે. પોલીસે ભયજનક રીતે કાર હંકારવી, બ્લેક ફિલ્મ અને વગર નંબર પ્લેટ જેવા નિયમભંગ બદલ આ કાર માલિકોને આઠ મેમો આપી દંડ ફટકાર્યો છે.



# સુરતમાં લેન્ડિંગ પહેલા ઇન્ડિગોના પાઇલટને ગ્રીન લેસર લાઇટ દેખાઈ

**પાઇલટે** કતારગામ વિસ્તારમાં લેસર બીમ આવ્યાની માહિતી આપતા ATC એ કતારગામ પોલીસને જાણ કરી

**પોલીસ** સહિત વિવિધ એજન્સીઓની તપાસ શરૂ, એરપોર્ટ આસપાસ લેસર અને ડ્રોનનો ઉપયોગ ન કરવા અપીલ

સુરતઃ સુરત એરપોર્ટ પર શુક્રવારે રાત્રે દિલ્હીથી આવેલી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટના લેન્ડિંગ એપ્રોચ દરમિયાન પાઇલટને ગ્રીન લેસર લાઇટનો ક્ષણિક વિચલિત કરતો ચમકારો દેખાતા સુરક્ષા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.ઈન્ડિગોની દિલ્હી સુરત ફ્લાઇટ લેન્ડિંગ એપ્રોચ લઈ રહી ત્યારે જ કતારગામ વિસ્તારમાં લેસર બીમ આવ્યાની માહિતી પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલ કરી હતી. ATC એ ગંભીરતા પારખી એવિયેશન ડેટાના આધારે ઘટના કતારગામ વિસ્તાર નજીક બની હોવાની કતારગામ પોલીસને જાણ કરતા પોલીસે સૂચવેલા એરિયામાં તપાસ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ એર ટ્રાફિક કન્ટ્રોલ (ATC), સીઆઈએસએફ, એરપોર્ટ ઓથોરિટી અને અન્ય સંબંધિત એજન્સીઓએ તાત્કાલિક સંકલન કરીને તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં લેસર લાઇટનો સંભવિત સ્રોત કતારગામ વિસ્તાર તરફ હોવાનું સામે આવ્યું છે,

અનુસંધાન પાના ૫ પર



(તસવીર : સતીષ જાદવ)

# પાંડેસરામાં છતમાં કાણું પાડી જ્વેલરી શોપમાં ચોરી

**દાગીના** ચોરીને CCTVનું DVR પણ ઉઠાવી ગયા

**પાંડેસરા** પોલીસ નાઇટ પેટ્રોલિંગ કરે છે કે ઉંઘે છે?





સુરતઃ પાંડેસરાના તેરે નામ રોડ પર આવેલી 'ક્રિષ્ણા જ્વેલર્સ' દુકાનને તસ્કરોએ મોડી રાત્રે નિશાન બનાવી છતના પતરા કાપી અંદર પ્રવેશ કરીને રૂ. 7.62 લાખથી વધુના દાગીના અને રોકડની ચોરી કરી પાંડેસરા પોલીસને પડકાર ફેંક્યો છે.ચોરી બાદ તસ્કરો દુકાનમાં લાગેલા CCTV કેમેરાનું DVR પણ સાથે લઈ ફરાર થઈ ગયા હતા.આ દુકાનને છેલ્લા એક વર્ષમાં ત્રીજી વખત ટાર્ગેટ કર્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે.અગાઉ ચોરીનો પ્રયાસ થયો હતો છતાં પાંડેસરા પોલીસે પતરાની દુકાન હોવાનું કહી ફરિયાદ નોંધી ન હતી.

મળતી માહિતી મુજબ, પાંડેસરા ગીતાનગર મેઇન રોડ પર રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના વતની મનોજ ભગવાનદાસ સોની

અનુસંધાન પાના ૫ પર

## 30 લાખની ચોરી થઈ પણ ફરિયાદ લીધી 7 લાખની : દુકાનદાર

દુકાનદારે જણાવ્યું હતું કે, અગાઉ પણ તેમની દુકાનને ત્રણ વખત ચોરોએ નિશાન બનાવી હતી. આશરે છ મહિના પહેલાં તેમજ વર્ષ 2023-24ના ચોમાસા દરમિયાન અને ડિસેમ્બર-2025માં પણ ચોરીના પ્રયાસો થયા હતા. જોકે, આ વખતે ચોરો સફળ રહ્યા હતા. ચોરીની ઘટનાની તપાસ દરમિયાન પોલીસે દુકાનદાર પાસેથી ચોરાયેલા દાગીનાના બિલો માંગ્યા હતા. શરૂઆતમાં દુકાનદારે રૂ. 30 લાખથી વધુના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું. જોકે, માત્ર રૂ. 7.42 લાખના બિલ રજૂ થતાં પોલીસે સોના-ચાંદી સહિત અંદાજે 4 કિલો વજનના રૂ. 7.42 લાખના મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધી છે.

### અગાઉની ચોરીની ઘટનાની પાંડેસરા પોલીસે ફરિયાદ લીધી ન હતી

પાંડેસરા વિસ્તારની આ જ લાઈનમાં અગાઉ પણ અન્ય ત્રણ વેપારીઓની દુકાનોમાં આ પ્રકારે ચોરીની ઘટનાઓ બની ચૂકી છે. વારંવાર બનતી આવી ઘટનાઓથી વેપારીઓ અસુરક્ષિત છે, ફરિયાદીએ જણાવ્યું હતું કે,પૂર્વે જ્યારે દુકાનમાં ચોરીના

અનુસંધાન પાના ૫ પર

### અંદાજે 15 કિલો જેટલો સામાન ચોરી

દુકાનમાંથી જેન્ટ્સ અને લેડીઝ બ્રેસલેટ, ચાંદીના વાસણો, ગ્લાસ, મૂર્તિઓ, કંદોરો તેમજ '925 સિલ્વર' ની વિવિધ આઈટમો અને ગીરો મૂકેલા ઘરેણા સહિત અંદાજે 15 કિલો જેટલો સામાન ચોરી થયો છે. આ ઉપરાંત અઢી કિલો જેટલો ચાંદીનો જૂનો ભંગાર સામાન પણ ચોરો લઈ ગયા છે.

# અડાજણમાં બિલ્ડરની ઓફિસમાં ઘૂસી સ્થાનિકોએ ફટકારી લીધો

**'આ** રોડ તમારા બાપનો છે?' કહી પ્રશાંતનગરના સંતોષ અને તેના સાથીઓએ હુમલો કરતાં બે હોસ્પિટલમાં ખસેડાયા

**પોલીસની** હાજરીમાં જ 'આ લોકોને આજે પતાવી જ દો, તો જ અહીં કામ બંધ થશે' તેવી ધમકી આપી

સુરતઃ અડાજણ વિસ્તારમાં બાંધકામની સાઈટ પર ટ્રક પાર્ક કરવા જેવી નજીવી બાબતમાં સ્થાનિકોના ઉશ્કેરાયેલા ટોળાએ બિલ્ડર અને તેના સુપરવાઈઝર પર જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ગેરકાયદે મંડળી રચી સાઈટની ઓફિસમાં ઘૂસીને ટોળાએ બંનેને લાતો અને ઢીંકમુક્કીનો ઢોર માર માર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા બિલ્ડર યુવક અને સુપરવાઈઝર હાલ તાપી હોસ્પિટલમાં ચોથા માળે સારવાર હેઠળ છે. રાંદેર પોલીસે આ મામલે રાયોટિંગ અને ઘાતક હુમલાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અડાજણની પરમ રો-હાઉસ સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા સિધ્ધાર્થ દિલીપસિંહ પરમાર (ઉ.વ.૨૭) ની નવસર્જન સ્કૂલ પાસે 'ગજાનંદ પાર્ક' નામની સાઈટ ચાલે છે. ગત તા. ૨૬/૦૬/૨૦૨૬ના રોજ સાઈટ પર માટી ખાલી કરવા આવેલી ટ્રકના ડ્રાઈવર સાથે સિધ્ધાર્થ ચલણ બનાવતો હતો. તે સમયે સામે આવેલી પ્રશાંતનગર સોસાયટી વિભાગ-૧ માં રહેતો સંતોષ નામના શખ્સે ત્યાં આવી તાત્કાલિક ટ્રક હટાવવા કહી 'આ રોડ તમારા બાપનો છે?' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. બંને વચ્ચે બોલાચાલી થતાં સંતોષે ફોન કરીને અચાનક મોટું ટોળું બોલાવી લીધું હતું. આ ટોળાએ બાંધકામની સાઈટમાં ઘૂસી બિલ્ડરને જમીન પર પછાડી લાતો અને મુક્કા મારવાનું શરૂ કર્યું હતું. સાઈટ પર હાજર મજૂરે ફોન કરતાં ગૌરવપથ સાઈટના સુપરવાઈઝર જયેશભાઈ બચાવવા વચ્ચે પડ્યા હતા, પરંતુ ટોળાએ તેમને પણ ફટકારી લીધા હતા. ઘટનાની જાણ થતાં રાંદેર પોલીસની પીસીઆર વાન તાત્કાલિક દોડી આવી હતી. પોલીસ જ્યારે બંનેને બચાવીને ગાડી તરફ લઈ જઈ રહી હતી, ત્યારે પણ ટોળામાંથી આસમાની કલરનું ટી-શર્ટ પહેરેલા એક અજાણ્યા શખ્સે 'આ લોકોને આજે પતાવી જ દો,

અનુસંધાન પાના ૫ પર

અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમની અસર દેખાશે

# વરસાદની નવી તારીખ ૧ જુલાઈ

**IMDની** આગાહી મુજબ ૧થી ૩ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના

સુરતઃ સુરત શહેરમાં રવિવારે ગરમી અને ભેજનું પ્રમાણ યથાવત રહ્યું હતું. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે ૩૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જ્યારે લઘુત્તમ તાપમાન થોડો વધારો નોંધાવી ૨૯.૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ચોમાસું ફરી ગતિ પકડે તેવી શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ૬૩ ટકા ભેજ નોંધાતા

અનુસંધાન પાના ૫ પર

### દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા

હવામાન વિભાગની આગાહી મુજબ ૧થી ૩ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ સાથે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પણ નોંધાઈ શકે છે. વરસાદની તીવ્રતા સ્થાનિક હવામાન પરિસ્થિતિઓને આધારે બદલાઈ શકે છે.

રોજ 5 લાખથી વધુ મુસાફરોને મળશે અત્યાધુનિક સુવિધાઓનો લાભ

# રેલવે સ્ટેશન બનશે 'મિની સ્માર્ટ સિટી'

**MMTH** પ્રોજેક્ટનો પ્રોગ્રેસ રિપોર્ટ જાહેર

સુરતમાં બનશે દેશનું સૌથી આધુનિક ટ્રાન્સપોર્ટ હબ

સુરત : દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સામેલ સુરત હવે પરિવહન સુવિધાઓના ક્ષેત્રમાં એક મોટી છલાંગ લગાવવા જઈ રહ્યું છે. શહેરમાં આકાર લઈ રહેલા મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (MMTH) પ્રોજેક્ટની કામગીરી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે, જે સુરત રેલવે સ્ટેશનનો નકશો સંપૂર્ણપણે બદલી નાખશે.

નવા પ્રોગ્રેસ રિપોર્ટ અનુસાર, આશરે 79 એકર વિસ્તારમાં વિકસિત થઈ રહેલો આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ રેલવે સ્ટેશનને માત્ર ટ્રેનોની અવરજવર પૂરતું મર્યાદિત નહીં રાખે, પરંતુ તેને એક એવા આધુનિક ટ્રાન્ઝિટ સેન્ટરમાં ફેરવશે જ્યાં મુસાફરોને એક જ પરિસરમાં વિવિધ પરિવહન સેવાઓ મળી રહેશે.

### પ્રોજેક્ટની મુખ્ય હાઈલાઈટ્સ

આ પ્રોજેક્ટનું સંચાલન 'સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન' (SITCO) દ્વારા કરવામાં આવી રહ્યું છે.

- **મુસાફરોની ક્ષમતાઃ** આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અહીં દરરોજ 5 લાખથી વધુ મુસાફરોને શ્રેષ્ઠ અને સંકલિત (Integrated) પરિવહન સુવિધા મળશે.
- **એક જ જગ્યાએ કનેક્ટિવિટીઃ** એમએમટીએચની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં ભારતીય રેલવે, સુરત મેટ્રો, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)નું ઈન્ટર સ્ટેટ બસ ટર્મિનલ (ISBT), શહેરની BRTS સેવા અને ઓટો-રિક્ષા (IPT) જેવા તમામ માધ્યમો એકબીજા સાથે જોડવામાં આવશે. તેનાથી મુસાફરોને અલગ-અલગ જગ્યાએ જવાની જરૂર નહીં પડે.



### સુરત રેલવે સ્ટેશનનું નવું સ્વરૂપ બે મુખ્ય માળખા પર આધારિત હશે

**1. કોનકોર્સ રૂફ (Concourse Roof)**

આ સ્ટેશનનું મુખ્ય આકર્ષણ હશે, જે લગભગ 85 મીટર પહોળું અને 145 મીટર લાંબુ વિશાળ મુસાફર પરિસર (Concourse) બનશે. તેની ડિઝાઇન દરિયાઈ મોજાં જેવી આકર્ષક સ્ટીલ સંરચના પર આધારિત છે, જે સ્ટેશનને આંતરરાષ્ટ્રીય સ્તરનો લુક આપશે. તેના નિર્માણમાં અત્યાધુનિક સ્ટીલ એન્જિનિયરિંગ અને હેવી-ડ્યુટી પ્રિસિઝન લિફ્ટિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સુરતના દરિયાકાંઠાના વાતાવરણ, તેજ પવન અને ભારે વરસાદને ધ્યાનમાં રાખીને તેની છત પર ઉચ્ચ ગુણવત્તાવાળી 'કાલઝિપ' (Kalzip) શીટ્સ લગાવવામાં આવી રહી છે, જે લાંબા સમય સુધી ટકાઉ રહેશે.

**2. થ્રુ રૂફ ઓવર પ્લેટફોર્મ (Through Roof Over Platform)**

મુખ્ય કોનકોર્સમાંથી નીકળતી મોજાં આકારની સ્ટીલની રચના આગળ વધીને રેલવે પ્લેટફોર્મની ઉપર બનનારી છત સાથે જોડાઈ જશે. આ અનોખી ડિઝાઇનના કારણે ચાલુ રેલવે લાઇન પર કોઈપણ મોટા થાંભલા (ખંભા) વગર એક વિશાળ ખુલ્લો વિસ્તાર તૈયાર થશે, જેથી મુસાફરોને તડકા અને વરસાદથી સંપૂર્ણ સુરક્ષા મળશે. પ્લેટફોર્મને સંપૂર્ણ રીતે કવર કરવા માટે આ માળખાને મુંબઈ તરફ 47 મીટર અને વડોદરા તરફ 53 મીટર સુધી લંબાવવામાં આવી રહ્યું છે.



# બેડરૂમમાં પાવર બેંક ફાટતા આગમાં યુટ્યુબરનો રૂમ ખાખ

**14 લાખ** ફોલોઅર્સ ધરાવતી યુટયુબરના શિવાનીનો લાખો રૂપિયાનો સામાન બળી ગયો

સુરત : શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી અને સોશિયલ મીડિયામાં 'લિટલ ગલ્ઝ' તરીકે જાણીતી યુટયુબર શિવાની કપિલાના બેડરૂમમાં ચાર્જીંગમાં મુકેલી પાવરબેંકની બેટરી ફાટતા આગ લાગી હતી. આ આગમાં આખો બેડરૂમ ચપેટમાં આવી જતા

અનુસંધાન પાના ૫ પર

### પાલતુ શ્વાન કોકોનો ચમત્કારિક બચાવ

આ દુર્ઘટનામાં સુખદ આશ્ચર્યની વાત એ છે કે, શિવાનીએ પાવરબેંક ચાર્જીગમાં મુકી ત્યારે રૂમમાં એ.સી. ચાલુ કરીને તેના પાળેલા કુતરા 'કોકો'ને પણ રૂમમાં જ રાખ્યો હતો. જયારે આગ લાગી ત્યારે આગની લપેટો અને અસહ્ય ધુમાડા વચ્ચે શિવાનીના પિતા અને મેનેજર રાજીવે સાહસ કરીને ડોલ ભરી ભરીને પાણી છાંટી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો અને કોકોને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. કોકોના પાછળના ભાગે થોડા

અનુસંધાન પાના ૫ પર




ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

તમારું જીવન સત્ કર્મો નું ઉત્તમ ઉદાહરણ હતું, કોઈના માટે ખરાબ વિચારવું પણ તમારા સ્વભાવ નહોતું, તમારી પવિત્ર સ્મૃતિ હંમેશા હૃદયમાં જીવંત રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ. રણછોડભાઈ બુધાભાઈ આહીર
સ્વ. તા. ૨૯/૦૬/૨૦૨૨

લિ.
ગં સ્વ. પ્રેમીલાબેન રણછોડભાઈ આહીર (પત્ની)
મનોજભાઈ રણછોડભાઈ આહીર (પુત્ર)
હરીશ ભાઈ રણછોડભાઈ આહીર (પુત્ર)
ગં.સ્વ રંજનબેન ગણપતભાઇ આહીર (પુત્રી)
તથા સમસ્ત પરિવારજનોના જય શ્રી કૃષ્ણ...

મુ.પો. નરથાણ,તા. ઓલપાડ, જી - સુરત.

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

હાર્દિક ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. સન્ની ચંપકભાઈ પટેલ
સ્વ. તા. ૨૧.૦૬.૨૦૨૬

માદરે વતનથી દુર રોજી-રોટી રળવા દોહા-કતાર ગયેલ ભીમપોર-ડુમસના તરવરીયા યુવાન સન્ની પટેલને એક ભયંકર અકસ્માતમાં અમોએ ગુમાવ્યો છે, તેનો ભારે રંજ છે. ગ્રામજનો અને તેના પરિવાર જનોને તેની ગેરહાજરીની ખોટ કયારેય પુરી શકાશે નહીં. આજે સ્વર્ગસ્થ સન્નીના બેસણાં નિમિત્તે દેવના દીધેલ વ્હાલસોયા પુત્રના અકાળે થયેલા અવસાનના આઘાતને સહન કરવાની પ્રભુ તેના સ્વજનો અને મિત્ર મંડળને શકિત આપે તેવી પ્રાર્થના. લક્ષ ચોર્યાસીના ફેરામાંથી ઈશ્વર તેને મુકિત આપે અને તેની આત્માને મોક્ષ પ્રાપ્ત થાય તેજ અભ્યર્થના

લિ.
દીપક ધીરૂભાઈ ઈજારદાર | ધ્યેય દીપકભાઈ ઈજારદાર

'ભક્તિધામ', સુલતાનાબાદ, ડુમસ, સુરત.



આંજણા પાટીદાર દુઃખદ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૌત્ર/પુત્ર **વિરાજ જયેશભાઈ પટેલ**નું તા.૨૭/૦૬/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતના આત્માને ચીર શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના. સદગતની સ્મશાનયાત્રા તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. સદગતની સંયુકત પ્રાર્થના સભા અમારા નિવાસ સ્થાને તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે રાખેલ છે.

સ્વ. વિરાજ જયેશભાઈ પટેલ
સ્વ. તા. ૨૭/૦૬/૨૦૨૬

લિ. શોકાતુર
દોલતભાઈ ઈશ્વરભાઈ પટેલ | જયેશભાઈ મહેશભાઈ પટેલ
મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | જુગલભાઈ મહેશભાઈ પટેલ
જયંતિભાઈ ઈશ્વરભાઈ પટેલ | સુનિલભાઈ હરેશભાઈ પટેલ
હરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | તુષારભાઈ જયંતિભાઈ પટેલ

શ્વસુર પક્ષ
કિશોરભાઈ ડાહ્યાભાઈ પટેલ
રૂપેશભાઈ કિશોરભાઈ પટેલ
પિન્કેશભાઈ કિશોરભાઈ પટેલ
મુ. પો. વાવ, તા. કામરેજ, જી. સુરત

નિવાસ સ્થાન - મુ. પો કોસમાડી, તા. કામરેજ, જી. સુરત



આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપનો અપાર સ્નેહ, સુમેળભર્યો વ્યવહાર, કૌટુંબિક અને ધર્મ પ્રત્યેની અતૂટ ભાવના, પરોપકારી સ્વભાવ ભક્તિની સુવાસ કયારેય ભૂલાશે નહીં, તમે આપેલા સંસ્કાર અને સદ્‌ગુણોનો વારસો સદા સાચવી રાખીએ એવી પ્રેરણા આમારા સૌના જીવન માટે પથદર્શક બની રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. નીલાબેન વસંતલાલ જરીવાલા
સ્વ.તા. ૨૯/૦૬/૨૦૧૮

લિ.
વસંતલાલ મંછારામ જરીવાલા
ભોગીલાલ મંછારામ જરીવાલા | સ્વ. પદમાબેન ભોગીલાલ જરીવાલા
રાજેશ ભોગીલાલ જરીવાલા | કિરણ રાજેશ જરીવાલા
જીતેન્દ્ર વસંતલાલ જરીવાલા | કવિતા જીતેન્દ્ર જરીવાલા
દેવ જીતેન્દ્ર જરીવાલા | પરા દેવ જરીવાલા
મનોજકુમાર દલસુખરામ જરીવાલા | કાશ્મીરા મનોજકુમાર જરીવાલા
કમલકુમાર ધનસુખલાલ બોર્ડરવાલા | જેની કમલકુમાર બોર્ડરવાલા
જીતેશકુમાર પ્રાણસુખલાલ માવાપુરી | અલ્પા જીતેશકુમાર માવાપુરી
પાર્થકુમાર સમીરભાઈ ચોખાવાલા | મૃણાલી પાર્થકુમાર ચોખાવાલા
રિતિકકુમાર કેતનભાઈ નાયક | આયુષી રિતિકકુમાર નાયક
પમ્મી - ભવ્યા

મેસર્સ બી. એમ. જરીવાલા